# ગુજરાતમાં કોંગ્રેસનો ભુંડો પરાજય થશે : પ્રશાંત કિશોર

## કોંગ્રેસનાં ખરાબ દિવસો ખતમ થવાનું નામ નથી લેતા : હજી પણ પાંચ દિગ્ગજ નેતાઓ કોંગ્રેસ છોડવાની ફિરાકમાં

અમદાવાદ, તા.૨૦

ગુજરાતમાં કોંગ્રેસનાં બુરા દિવસો ખતમ થવાનું નામ જ નથી લેતા તેવું લાગી રહ્યું છે. એક પછી એક દિગ્ગજ નેતાઓ સાથ છોડી રહ્યા છે. સૌરાષ્ટ્રમાં મોટો ઘા સહ્યા બાદ હવે પાટીદારોના સારીએવી પકડ ધરાવતા હાર્દિક પટેલે પણ રાજીનામું આપી દીધું છે. આ ઉપરાંત નરેશ પટેલ પણ આવે તેવી શક્યતાઓ પણ ઓછી જોવા મળી રહી છે. આ ઉપરાંત હજી પણ ૫ દિગ્ગજ નેતાઓ કોંગ્રેસ છોડવાની ફિરાકમાં હોવાનું સુત્રો જણાવી રહ્યા છે. જેના પગલે કોંગ્રેસ પહેલાથી જ દબાણનો સામનો કરી રહી છે.



ગુજરાત કોંગ્રેસ માટે આટલું ઓછું હોય તેમ પ્રશાંત કિશોરે હવે ગુજરાત કોંગ્રેસની મુશ્કેલીમાં વધારો કર્યો છે. ગુજરાત કોંગ્રેસ અંગે રાજનીતિના ચાણક્ય ગણાતા પ્રશાંત કિશોરે ભવિષ્યવાણી ભાખી છે.

પ્રશાંત કિશોરે જણાવ્યું કે, આ વિધાનસભા ચૂંટણીમાં ગુજરાતમાં કોંગ્રેસનો ખુબ જ ભુંડો પરાજય થશે. જે પ્રકારે કોંગ્રેસની હાલની સ્થિતિ છે તે જોતા ગુજરાત કોંગ્રેસ ખુબ જ નબળી સ્થિતિમાં આવી પડશે. આ સમાચારના પગલે હવે ગુજરાત કોંગ્રેસી કાર્યકરો અને નેતાઓનાં આત્મવિશ્વાસમાં નુકસાન થઈ શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રશાંત કિશોરના સર્વેના આધારે જ નરેશ પટેલ પણ કોંગ્રેસમાં જોડાય તેવી શક્યતાઓ હતી. જેના કારણે હવે પ્રશાંત કિશોરની આ ભવિષ્યવાણી બાદ હવે પ્રશાંત કિશોર પણ કોંગ્રેસમાં જોડાય તેવી શક્યતાઓ હવે નહીવત્ત થઈ ચુકી છે. તેવામાં કોંગ્રેસ હવે નિરાધાર બની ચુકી હોય તેવું લાગી રહ્યું છે. ગુજરાત કોંગ્રેસ અને તેના જુના નેતાઓ ફરી એકવાર કોંગ્રેસનો દોર હાથમાં સંભાળશે અને વહેતી ગાડી ૨૦ ગાઉની ઉક્તિ અનુસાર ગુજરાત કોંગ્રેસને જેસે થેની સ્થિતિમાં આગલ વધારશે

### ભારતમાલા પરિયોજના અંતર્ગત અમૃતસર-જામનગર ઇકોનોમીક કોરીડોરના

# સાંચોર-સાંતલપુરના ૧૨૫ કિ.મી માર્ગની ૬ લેન નિર્માણ કામગીરીનું સ્થળ નિરીક્ષણ કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર, તા. ૨૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભારત સરકારની ભારતમાલા પરિયોજના અંતર્ગત રાજસ્થાનના સાંચોરથી ગુજરાતના પાટણ જિલ્લાના સાંતલપુર માર્ગના ૬ લેન રૂપાંતરણ કામગીરીની નિરીક્ષણ મુલાકાત બનાસકાંઠાના થરાદ ખાતે લીધી હતી.

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડીયા અંદાજે ૧૨૫ કિ.મી ની લંબાઈનો આ માર્ગ ગ્રીન ફિલ્ડ એક્સપ્રેસ વે તરીકે ૬ લેન રોડ દ્વારા નિર્માણ કરી રહી છે.

કેન્દ્ર સરકારના સડક પરિવહન મંત્રાલય દ્વારા ભારતમાલા પરિયોજના અન્વયે અમૃતસર-જામનગર વચ્ચે આશરે ૧૨૫૬ કિ.મીટરનો ઈકોનોમીક કોરિડોર નિર્માણ થવાનો છે.

આ સાંચોર-સાંતલપુર વચ્ચેનો ૧૨૫ કિ.મી માર્ગ તે ઈકોનોમીક કોરિડોરના એક મહત્વપૂર્ણ ભાગ તરીકે ૪ પેકેજમાં કુલ રૂ. ૨૦૩૦.૪૪ કરોડના ખર્ચે વિકસાવવામાં આવી રહ્યો છે.

પ્રત્યેક પેકેજમાં ૩૦ કિ.મી નો માર્ગ અંદાજે ૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ૬ લેન તરીકે કાર્યરત કરવાની કામગીરી નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા તબક્કાવાર હાથ ધરીને ૨૦૨૩ સુધીમાં પૂર્ણ થવાનો અંદાજ રાખવામાં આવેલો છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૩૨ કેસ : ૩૧ સાજા થયા

## એક પણ મોત નહી : રાજ્યમાં આજે કોરોનાના ૯૧૩૫૫ રસીના ડોઝ અપાયા

ગાંધીનગર, તા.૨૦

રાજ્યમાં કોરોનાના નવા ૩૨ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૩૧ દર્દીઓ સાજા પણ થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૭૧૬ દર્દી કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૯ ટકા સુધી પહોંચી ચુક્યો છે. બીજી તરફ કોરોનાના રસીકરણ મુદ્દે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કોરોનાના કુલ ૯૧,૩૫૫ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૨૦૫ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૨ નાગરિક વેન્ટિલેટર પર છે. તમામ ૨૦૩ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કોરોનાને કુલ ૧૨,૧૩,૭૧૬ નાગરિકો કોરોનાને હરાવી ચુક્યાં છે. તો બીજી તરફ ૧૦,૯૪૪ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી થયું. અમદાવાદ કોર્પોરેશનમાં ૧૯, વડોદરા કોર્પોરેશન ૮ અને ગાંધીનગર કોર્પોરેશન ૩, અમદાવાદ અને સુરતમાં ૧-૧ કેસ નોંધાયા છે.

બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૮૧૧ નાગરિકોને રસીનો પ્રથમ અને ૨૧૭૭૪ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૫-૧૭ વર્ષના નાગરિકો પૈકી ૧૩૯ ને રસીનો પ્રથમ અને ૮૫૪૫ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૩૮૩૯૦ ને પ્રીકોર્શન ડોઝ અપાયો હતો. ૧૨-૧૪ વર્ષના નાગરિકો પૈકી ૧૧૭૦ ને રસીનો પ્રથમ અને ૨૦૫૨૬ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. આ પ્રકારે આજના દિવસમાં કુલ ૯૧,૩૫૫ કુલ રસીના ડોઝ અને અત્યાર સુધીમાં કુલ ૧૦,૮૬,૦૨,૮૬૦ કુલ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે.

# રાજ્યમાં કાળઝાળ ગરમીથી લોકોને રાહત મળવાના સંકેત

## રાજ્યમાં હજુ વરસાદની કોઈ સંભાવના નહીં : પવનની દિશા બદલાતા તાપમાનમાં ઘટાડો થવાની વકી

અમદાવાદ, તા.૨૦

રાજયભરમાં કાળઝાળ ગરમી વચ્ચે રાહતના સમાચાર સામે આવ્યા છે. હવામાન વિભાગ મુજબ, આગામી ૨૪ કલાક બાદથી રાજ્યના તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો ઘટાડો થવાનો અંદાજે છે. એવામાં લોકોને ગરમીથી રાહત મળવાના સંકેત છે. એવામાં કાલથી અમદાવાદ સહિત અન્ય જિલ્લાઓમાં લોકોને ગરમીથી આંશિક રાહત મળી શકે છે.હવામાન વિભાગના અમદાવાદ વિભાગના ડાયરેક્ટર ડો. મનોરમા મોહંતીએ જણાવ્યું હતું કે, ગુજરાતનું વાતાવરણ મોટાભાગે સૂકું રહેશે અને વરસાદની સંભાવના નથી. આગામી ૨૬ કલાક સુધી હાલનું તાપમાન યથાવત રહેશે. આ બાદ તાપમાનમાં આગામી ૫ દિવસ સુધી ૨-૩ ડિગ્રી સુધી ઘટાડો થવાની સંભાવના છે. તેમણે જણાવ્યું કે, પવનની દિશા બદલાતા તાપમાનમાં ઘટાડો થવાની સંભાવના છે. જોકે હજુ રાજ્યમાં વરસાદની કોઈ સંભાવના નથી, પરંતુ દક્ષિણ ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ રહેવાની સંભાવના છે.



અમદાવાદ સહિતના શહેરોમાં છેલ્લા બે દિવસથી હિટવેવની આગાહી જાહેર કરાઈ હતી.

અમદાવાદમાં બે દિવસથી તાપમાનનો પારો ૪૩ ડિગ્રી આસપાસ રહ્યો છે, આ વચ્ચે આજે પણ શહેરમાં ઓરેન્જ એલર્ટ હવામાન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું.આ વખતે ગુજરાતમાં સામાન્ય ચોમાસું રહે એમ મનાઈ રહ્યું છે. હવામાન અંગે આગાહી કરતી ખાનગી સંસ્થા સ્કાયમેટ પ્રમાણે, ગુજરાતમાં હજુ મે મહિનાના અંત સુધી કાળઝાળ ગરમીનું પ્રમાણ યથાવત્ રહેશે, પરંતુ એમાં સાધારણ વધારો-ઘટાડો નોંધાતો જોવા મળશે. ૧૮મી બાદ ગુજરાત ગરમીનું પ્રમાણ ફરી વધી શકે છે, પરંતુ તાપમાન ૪૫ ડીગ્રીથી વધે એવી સંભાવના નહિવત્ છે.

કેરળમાં ૨૬ મેથી ચોમાસાનું આગમન થઈ શકે છે. આ સ્થિતિમાં દક્ષિણ ગુજરાતમાં ૧૦થી ૧૫ જૂન વચ્ચે અને ૧૫થી ૨૦ જૂન વચ્ચે રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં ચોમાસાનું આગમન થઈ શકે છે.હવામાન વિભાગ પ્રમાણે, 'નૈઋત્યના ચોમાસાએ ભારતમાં આગમન કરી લીધું છે, જેમાં બંગાળની ખાડીના કેટલાક, જ્યારે આંદામાન-નિકોબાર ટાપુનો સમાવેશ થાય છે.

પ્રી-મોન્સૂન એક્ટિવિટીના ભાગરૂપે આગામી પાંચેક દિવસમાં કેરળ, કર્ણાટકના દરિયાઈ વિસ્તાર તેમજ મેઘાલય-આસામ-અરૂણાચલ પ્રદેશમાં આગામી ચારથી પાંચ દિવસમાં વરસાદ પડી શકે છે. ઉત્તર-પશ્ચિમ તેમજ મધ્ય ભારતમાં ગરમીની તીવ્રતા ઘટવાનું પણ શરૂ થઈ જશે. કેરળમાં ૨૭ મેથી પહેલી જૂનની વચ્ચે સત્તાવાર રીતે નૈઋત્યના ચોમાસાનું આગમન થાય એવી શક્યતાઓ છે. ગુજરાતમાં ગત વર્ષે ચોમાસામાં ૩૨.૫૬ ઈંચ સાથે મોસમનો સરેરાશ ૯૮.૪૮ % વરસાદ નોંધાયો હતો

# ભારત સપ્ટેમ્બર મહિનામાં આઈડીએફ વર્લ્ડ ડેરી સમિટ ૨૦૨૨નું આયોજન કરશે

નવી દિલ્હી, ૧૮

ડેરી ક્ષેત્રના સૌથી પ્રતિષ્ઠિત કાર્યક્રમ ઈન્ટરનેશનલ ડેરી ફેડરેશનની વર્લ્ડ ડેરી સમિટ, ૨૦૨૨ આ વર્ષે ૧૨થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન ભારતના નવી દિલ્હી-એનસીઆરમાં યોજાવા જઈ રહી છે. ૪૦થી વધારે દેશના ડેરીઉદ્યોગના હિતધારકો આ શિખરસંમેલનમાં ભાગ લેશે અને ડેરીઉદ્યોગના વિકાસને આગળ વધારવાના માર્ગોની દિશામાં કામ કરશે. આ અંગે મંગળવારના રોજ નવી દિલ્હીમાં યોજાયેલા એક કર્ટેન રેઈઝર કાર્યક્રમમાં જાણકારી આપવામાં આવી હતી.

જેમના અધ્યક્ષસ્થાને આ કાર્યક્રમ યોજાવાનો છે, તે મત્સ્યપાલન, પશુપાલન અને ડેરીઉદ્યોગ બાબતોના રાજ્યકક્ષાના કેન્દ્રીય મંત્રી ડૉ. સંજીવ બાલ્યાને ૪૮ વર્ષ બાદ ભારત વર્લ્ડ ડેરી સમિટનું આયોજન કરવા જઈ રહ્યો છે, તે અંગે પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો.

ડૉ. સંજીવ બાલ્યાને આઈડીએફ વર્લ્ડ ડેરી સમિટ ૨૦૨૨ના કર્ટેન રેઈઝર કાર્યક્રમ દરમિયાન વાત કરતાં જણાવ્યું હતું કે, '૪૮ વર્ષ બાદ ભારતને વર્લ્ડ ડેરી સમિટ યોજવાની તક પ્રાપ્ત થઈ છે, તે ખરેખર આનંદની વાત છે.' ઉલ્લેખનીય છે કે, વર્લ્ડ ડેરી સમિટ ૨૦૨૨ આ વર્ષે ૧૨થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન ગ્રેટર નોઈડા એક્સ્પો સેન્ટરમાં યોજાવા જઈ રહી છે.

નેશનલ ડેરી ડેવલપમેન્ટ બૉર્ડના ચેરમેન અને આઈડીએફની ઈન્ડિયન નેશનલ કમિટીના સભ્ય સચિવ શ્રી મીનેશ શાહે જણાવ્યું હતું કે, ભારતના ગ્રામ્ય અર્થતંત્રને પ્રોત્સાહન આપવા માટે ડેરીઉદ્યોગ એ સૌથી મહત્ત્વનું સેક્ટર છે, કારણ કે, તે લગભગ આઠ કરોડ પશુપાલકોને આજીવિકાની તકો પૂરી પાડે છે અને આથી જ વર્લ્ડ ડેરી સમિટ ભારતમાં રહેલા તેના હિતધારકો માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

આઈએનસી-આઈડીએફના સભ્ય સચિવે એમ પણ જણાવ્યું હતું કે, આ શિખરસંમેલન ગ્રેટર નોઈડામાં આવેલ ઈન્ડિયા એક્સ્પો સેન્ટર એન્ડ માર્ટમાં યોજાશે. શ્રી ચતુર્વેદી કે જેઓ આઈડીએફ-ઈન્ડિયન નેશનલ કમિટીના ચેરમેન પણ છે, તેમણે જણાવ્યું હતું કે, 'ભારત ડેરી સેક્ટરમાં સાચા અર્થમાં 'આત્મનિર્ભર' છે.

# નાની ઉંમરે પાર્ટીએ હાર્દિક પટેલને ખૂબ મોટું પદ આપ્યું

## હાર્દિકના યુથ કોંગ્રેસ પ્રમુખ વિશ્વનાથસિંહનું નિવેદન

અમદાવાદ, તા.૨૦

હાર્દિકના ખાસ યુથ કોંગ્રેસ પ્રમુખ વિશ્વનાથસિંહ વાઘેલાએ નિવેદન આપતાં જણાવ્યું હતું કે, હાર્દિક પટેલે કોંગ્રેસ અને નેતાઓ વિશે ખોટા આક્ષેપો કર્યા છે.

વિધાનસભા ચૂંટણીના વર્ષમાં ગુજરાતમાં રાજકીય માહોલ જામી રહ્યો છે. એમાં પણ હાર્દિકે એક બાદ એક નિવેદનો કરી રાજકીય હલચલ મચાવી દીધી છે. હાર્દિક પટેલે તમામ હોદ્દાઓ પરથી રાજીનામું આપ્યા બાદ કોંગ્રેસ સામે બાંયો ચડાવી છે. ગત રોજ પ્રેસ-કોન્ફરન્સ યોજી કોંગ્રેસ પર જાતિવાદથી લઈ ગુજરાતવિરોધી હોવાના આક્ષેપો કર્યા છે.હાર્દિકે એક બાદ એક સનસનાટીપૂર્ણ આક્ષેપો કરતાં કોંગ્રેસ પણ હરકતમાં આવી ગઈ છે અને કોંગ્રેસના નેતાઓ દ્વારા તેમને જવાબો આપવામાં આવી રહ્યા છે. ત્યારે હાર્દિકના ખાસ યુથ કોંગ્રેસ પ્રમુખ વિશ્વનાથસિંહ વાઘેલાએ હાર્દિકના તમામ નિવેદનો વિરોધ કર્યો હતો.

# ખેડામાં ડેટા એન્ટ્રીના નામે કંપનીએ કર્યો વિશ્વાસઘાત

## દૈનિક પગાર આપવાની લાલચથી કરોડોની ઠગાઈ : ડેટા એન્ટ્રીના નામે દૈનિક પગાર આપવાની લાલચ આપી લોકોને વિવિધ પેકેજનું વળતર આપવાના નામે ઠગાઈ

ખેડા, તા.૨૦

ખેડાના નડિયાદમાં એક પ્રાઈવેટ કંપનીએ ડેટા એન્ટ્રીના નામે રૂપિયા આપવાનું કહીને લોકો પાસેથી કરોડો રૂપિયાની છેતરપિંડી કરી હોવાનો કિસ્સો સામે આવ્યો છે.આજકાલ અલગ અલગ પ્રકારે લોકો સાથે છેતરપીંડિના કેસોમાં વધારો થઈ રહ્યો છે.ત્યારે ખેડા જિલ્લામાં ડેટા એન્ટ્રીના નામે રૂપિયા આપવાનુ કહીંને એક પ્રાઈવેટ કંપનીએ લોકો સાથે કરોડોનો ઠગાઈ કરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.છેલ્લા બે વર્ષથી ખેડામાં માસ્ટર સોલ્યુશન નામની એક પ્રાઈવેટ લિમિટેડ કંપની કાર્યરત હતી. આ કંપની લોકોને ડેટા એન્ટ્રીના નામે દૈનિક પગાર આપવાની લાલચ આપતી હતી.લોકોને વિવિધ પેકેજનું વળતર આપવાના નામે લોકો સાથે રૂપિયા ઉઘરાવીને કરોડોનો ઠગાઈ કરી છે.પોતે ઠગાયા હોવાની જાણ લોકોને થતા કંપનીની ઓફિસે જઈને લોકોએ હોબાળો કર્યો હતો.

ખેડા જિલ્લામાં ડેટા એન્ટ્રીના નામે રૂપિયા આપવાનુ કહીંને માસ્ટર સોલ્યુશન કંપનીએ કરોડોનું ફૂલેકું ફેરવ્યું છે. માસ્ટર સોલ્યુશન કંપનીએ લોકોને કેપ્ચર ડેટા એન્ટ્રીના કામ માટે દૈનિક નાણાં આપવાની લાલચ આપી હતી. અને લોકો પાસે વિવિધ પેકેજના નામે કરોડો રૂપિયા ઉઘરાવ્યાં હતાં. માસ્ટર સોલ્યુશન કંપની પેકેજ પ્રમાણે લોકોને વળતર આપતાં હતાં. જ્યારે ખેડા જિલ્લાના નડિયાદમાં છેલ્લા દોઢ વર્ષથી માસ્ટર સોલ્યુશન પ્રાઈવેટ લીમિટેડનામની કંપની ચલાવતાં હતા.. કંપની સંચાલકોએ કેપ્ચર ડેટા એન્ટ્રીના કામ માટે દૈનિક નાણાં આપવાની લાલચ આપી હતી.બાદમાં કંપનીએ ફૂલેકુ ફેરવ્યું હતું. જેને લઈને આજે મોટી સંખ્યામાં લોકો નડિયાદ સ્થિત સોલ્યુશનની ઓફિસે પહોંચ્યાં હતાં. અને માસ્ટર સોલ્યુશનની ઓફિસની બહા હોબાળો મચાવ્યો હતો

### પૂરાણકામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે. ૨૨ માંથી સે. ૨૧માં જવાનો અંડરપાસ હજુ શરૂ થયો નથી પણ પાણી માટેની નવી પાઈપલાઈન પછી જે પૂરણ થવુ જોઈએ યોગ્ય ન થયુ હોવાથી અને જે રીતે આડેધડ ખોદકામ ચાલી રહ્યુ છે તેને લઈ વસાહતીઓ પણ હવે અકળાયા છે. ગઈકાલે એક રહીશે તો ટ્રાફિક થંભાવી દીધો હતો અને સામાન લઈ આવતા વાહનોને બ્લોક કરી એજન્સી, તંત્રને ગાળો ભાંડી હતી.

### થર જામ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતી. જેમાં ૧૨૦૦ જેટલા આવાસો પૈકી ઘણાં લાભાર્થીઓએ હજુ આવાસોનો કબજો પણ લીધો નથી. પરંતુ આ પુર્વે જ આ યોજનાના કામમાં ગુણવત્તા સામે અનેક સવાલો મંડરાયા છે. આવાસોમાં રહેતા પરિવારો પૈકી માંડ પોતાનુ ગુજરાન ચલાવી શકે તેવી સ્થિતિમાં છે. જયારે હાલ પણ આવાસોની લોન ચુકવી રહ્યા છે. જેના લીધે કેટલાકે તો મકાન પણ ભાડે આપ્યા છે. આ સ્થિતિ વચ્ચે તેમને મકાન ભાડે આપવા બદલ વધારે પડતો દંડ વસુલી ગુડા દ્વારા જોહુકમી કરવામાં આવતી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. એકબાજુ આવાસોની જાળવણીના પૈસા પાણીમાં ગયા બાદ ગુડાનુ તંત્ર આ મામલે નિયમનુ પાલન કરતુ નથી બીજીતરફ લાભાર્થીઓને નિયમના અમલના નામે અનેકવાર કનડગત કરે છે. જયારે લીફટની યોજના પણ પાછળથી અમલમાં મુકાઈ હતી જો કે હાલની સ્થિતિએ પણ આ લીફટ બંધ હાલતમાં છે. જેના લીધે આવાસમાં રહેતા સિનિયર સીટીઝન્સ તેમજ દર્દીઓએ પણ પારાવાર હાલાકી વેઠવી પડે છે. આ ઉપરાંત ગુડાના આ આવાસોમાં સફાઈના નામે પણ મીંડુ ચિતરાયેલુ છે. જયારે વરસાદી દિવસોમાં સતત દિવાલોમાંથી ભેજ ઉતરે છે. સ્ટ્રીટ લાઈટના પણ ધાંધિયા છે. પરંતુ ગુડાનુ તંત્ર નવા આવાસો બનાવામાં વ્યસ્ત છે પંરતુ પ્રથમ આવાસ યોજનાના લાભાર્થીઓની દયાજનક સ્થિતિ સામે નજર નાંખવા પણ તૈયાર નથી.

### વાહન સેવા નહી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સલામત સવારી દોડતી ન હોવાનો રોષ પ્રબળ બની રહ્યો છે. અગાઉ શહેરી વિસ્તાર નજીકના ગામોમાં પણ બસો ન જતી હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી જયારે જિલ્લાના વિવિધ ગામો પણ લાંબા સમયના અંતે બસ સુવિધાથી વંચિત છે. જેના લીધે ડેપો કક્ષાએ પણ અનેકવાર રજુઆત કરવામાં આવે છે. આ સ્થિતિ વચ્ચે ગાંધીનગર કેપિટલ સ્ટેશનને પણ બસ સેવાથી જોડવા માટે પણ અગાઉ અનેકવાર રજુઆતો કરવામાં આવી છે પરંતુ હજુ સુધી કોઈ આયોજન કરાયુ નથી એસ ટી ડેપો સંકુલમાં મુસાફરોની સુવિધાના નામે મીંડુ છે. જયારે સલામતી પણ જોખમાઈ છે. જયારે હવે બસ સેવા પણ ખાડે ગઈ છે. ગાંધીનગર નજીક આકાર લેતા ગીફટ સીટી વિસ્તારમાં પણ બસ સેવા ઉપલબ્ધ થતી નથી જેના લીધે ગાંધીનગરથી ગીફટ સીટી તરફ અવરજવર કરતા સ્થાનિકોએ ટ્રાન્સપોર્ટેશન માટે પારાવાર હાલાકી વેઠવી પડે છે. અગાઉ પથિકાશ્રમથી ગીફટ સીટી જવા માટે એસ ટી ડેપો દ્વારા બસ પણ શરૂ કરવામાં આવી હતી પરંતુ આ બસ પણ છેલ્લા ઘણાં સમયથી બંધ કરી દેવામાં આવી છે. જેના લીધે આ વિસ્તારમાં અપડાઉન કરનારાઓને પણ હાલાકી વેઠવી પડે છે. ગીફટ સીટી વિસ્તારમાં અનેકવિધ શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત છે. જયારે અન્ય આંતરરાષ્ટ્રીય કંપનીઓ પણ હવે કાર્યરત થઈ ગઈ છે. ત્યારે આ વિસ્તારમાં સમયસર અને નિયમિત સલામત સવારી નસીબ થાય તેવી પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે.

### ખરીફ વાવણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઘાસચારો જે વાવ્યો છે તે બચાવવા માટેનો પણ છે. અબોલ પશુધન માટે ઘાસચારો બચાવવો જરૂરી બન્યો છે.

બીજી તરફ જિલ્લાતંત્ર દ્વારા આકસ્મિક પાક આયોજન પણ તૈયાર કરવાની કવાયત હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં ખરીફ વાવણી વિલંબથી થશે. હાલ તો જે પ્રતિકૂળ સ્થિતિ છે તેથી ખેડૂત ચિંતાતુર બન્યો છે.

### સકંજો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી રહ્યા છે. અધિકારીના જણાવ્યાં મુજબ બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલુ યાદવ વિરુદ્ધ રેલવેમાં નોકરીના બદલે ઉમેદવારો પાસેથી જમીન લેવાના આરોપસર કેસ દાખલ થયો છે. તેમણે કહ્યું કે કથિત જમીનના બદલે નોકરી કૌભાંડ જ્યારે લાલુ યાદવ યુપીએ સરકારમાં કેન્દ્રીય રેલવે મંત્રી હતા ત્યારે થયું હતું.

### ગોલ્ડ મેડલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉતરી શક્યા નહોતા. પરંતુ ૫ વર્ષ બાદ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં મળેલી ઐતિહાસિક જીત બાદ તે ઉદાસી અને દર્દ બંને દૂર થઈ ગયા.

નિખતના પિતા મોહમ્મદ જમીલે જણાવ્યુ, વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતવુ એવી વસ્તુ છે, જે મુસ્લિમ યુવતીઓની સાથે-સાથે દેશની દરેક યુવતીને જીવનમાં મોટુ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે પ્રેરિત કરશે. નિખતે પોતે જ પોતાનો રસ્તો તૈયાર કર્યો છે.

નિખતે ૨૦૧૧માં યુથ વર્લ્ડ ચેમ્પિયન બનવાની સાથે જ ભારતીય બોક્સિંગના નવા સ્ટાર તરીકે દમદાર દસ્તક આપી હતી પરંતુ તેમને રાષ્ટ્રીય સ્તરે ચમકવા માટે ૫ વર્ષની રાહ જોવી પડી. તેઓ ૨૦૧૬માં ફ્લાઈવેટ કેટેગરીમાં મનીષાને હરાવીને પહેલીવાર સીનિયર નેશનલ ચેમ્પિયન બની.

નિખતની આ સુવર્ણ સફળતા પર પિતા અને ઘરના લોકો ખૂબ ખુશ છે અને હવે જશ્નની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. પિતાએ કહ્યુ, ૨-૩ વર્ષથી તેણે પોતાની મનગમતી બિરયાની અને નિહારી ખાધી નથી. જેવુ જ તે કેમ્પથી ફ્રી થશે તો તેની પાસે પોતાની મનગમતી ડિશ ખાવા માટે એક-બે દિવસની તક હશે. જે બાદ તે ફરી વ્યસ્ત થઈ જશે.

### પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

માછલીઓ માટે એ જ પ્રાણ છે..એ જ શ્વાસ છે. એનાથી છૂટા પડવું એટલે જાણે દેહથી છૂટા પડવુ...આવો જ ભાવ જેને પરમ તત્વ સાથે નેડો લાગ્યો છે એવા ભક્તજનનો પણ હોય છે..સતત નામ સ્મરણ એ જ એનો પ્રાણવાયુ છે. એનાથી દૂર થવું એટલે જળવિહિન માછલી જેવો અનુભવ! મીરાં પોતાના ભાવને હજુ પણ વધારે પ્રગાઢ રીતે વર્ણવે છે..પહાડોની કમનીય કોતરો વચ્ચે ગહેકતા મોરલા કેવા ખુશ હોય છે.પર્વત એના માટે સર્વસ્વ હોય છે..એની ભકિત એટલે કોઈ કરેલ મોરની અભિવ્યક્તિ જાણે ! ગિરિવર અને ગીરીધર જયાં એક થઈ જાય એ વાતાવરણ છોડવું ભકત માટે કપરૂં કામ હોય છે.આવા અદ્ભૂત માહોલમાં મસ્ત રહેતા ઓલીયાઓ માટે જગતનાં સુખો ફિક્કું હોય એ સ્વાભાવિક છે ! એથી પણ આગળ વધીને એ ચાંદ અને ચકોરની આત્મીયતા સુધી આ ભાવને લઈ જાય છે..એ ઉત્કટ ભાવ એટલે આત્મા અને પરમાત્માનો અનુબંધ..! આપણા સ્વાર્થો નાના નાના હોય છે એની પાછળની આપણી આસકિત મોટા પ્હાડ જેવી હોય છે. કવિ કે ભકત ભવાટવિની ભૂખ ભાગે એવા તત્વ સાથે જોડાઈ જાય છે કોઈપણ પ્રકારના આસકતભાવ વગર..અને એ જોડાણ સતત અને અતૂટ રહે એ માટે એ સતત ઝૂરતા રહે છે..આપણો ઝુરાપો એ ખાલીપો હોવાનો પર્યાય છે..ભક્તનો ઝુરાપો એ ભવસાગર પાર કરાવનારો તરાપો બની જાય છે !

### હરાજી કરવાની છે

ગુજરાત રાજ્ય બિન-નિવાસી ભારતીય પ્રતિષ્ઠાન, ગાંધીનગરની વાહન ટાટા સુમો GJ 18G 2997 કાર જ્યાં છે અને જેવી છે તેવી હાલતમાં હરાજી કરવાની છે.

| અ.નં. | કાર નંબર | મોડેલ વર્ષ | તળિયાની કિંમત |
|---|---|---|---|
| (૧) | જીજે ૧૮જી ૨૯૯૭ | ૨૦૦૯ | રૂ. ૪૫,૦૦૦/- |

૨. આ ગાડી કામકાજના દિવસોમાં કચેરીનો સંપર્ક કરી જોઈ શકાશે. ભાવો તારીખ ૬/૬/૨૦૨૨ સુધીમાં બંધ કવરમાં ફક્ત રજી.એ.ડી.થી નીચેની કચેરીને મોકલવાના રહેશે. તા. ૮/૬/૨૦૨૨ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે ખોલવામાં આવશે.

૩. જે એજન્સી / પાર્ટીના ભાવ સ્વીકારવામાં આવશે તે એજન્સી / પાર્ટીએ સદર વાહન અંતર્ગત ભરેલ ભાવ ઉપરાત ભાવના ૧૮% GST તેમજ અન્ય કરવેરા ભરવાની જવાબદારી એજન્સી / પાર્ટીની રહેશે.

૪. મહત્તમ ભાવ સ્વીકારવા કે કેમ તેની સત્તા સક્ષમ અધિકારીની રહેશે.

સહી/- અવાચ્ય
(વિક્રમસિંહ જાદવ)
નિયામક

માહિતી/૩૮૪/૨૨-૨૩

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ